૪૮-૧૮ [illegible]

ગુજરાત પ્રાંતની ભૂગોળ

પ્રાંત–કુદરતથી જુદા પડેલા જમીનના ભાગને પ્રાંત કહે છે.

વિભાગ–ઘણા જીલ્લા ઘણી એજન્સી ને ઘણાં સંસ્થાન મળીને જે ભાગ થાય તેને વિભાગ કહે છે આપણા વિભાગને ઉત્તર વિભાગ કહે છે અને તેના ઉપરી કમિશ્નર સાહેબ છે.

બેટ—ચારે બાજુ પાણીને વચ્ચે કોરી જમીન હોય તેને બેટ (દ્વીપ) કહે છે.

તળાવને સરોવર–ચારે બાજુ જમીનને વચમાં પાણી હોય તેને તળાવ કહે છે, ને મોટા તળાવને સરોવર કહે છે

નદી—મીઠા પાણીનો રેલો સરોવર કે ડુંગરમાંથી નીકળી ઢળકતી જગામાં વહી નદી, સમુદ્ર કે રણને મળે તેને નદી કહે છે.

ળ અને મૂખ–જે જગાએથી નદી નીકળે છે તેને મૂળ કહે છે અને જ્યાં મળે છે તેને મૂખ કહે છે.

ર–જમીન ઉપર ઉંચા ટેકરા હોય તેને ડુંગર કહે છે ને મોટા

[illegible]

ભુશીર-જમીનનો ફાંટો લાંબો થઈને ઘણા ગાઉ સુધી પાણીમાં ગયો હોય તેને ભૂશિર કહે છે.

ઇનામી ગામ-સરકાર તરફથી જેને બક્ષીસ ગામ આપવામાં આવે તેને ઇનામી ગામ કહે છે.

સંગમ-જે જગાએ નહાની નદી મોટી નદીને મળે છે. તે જગોને સંગમ કહે છે.

ખાડી-જે નદીનું મુખ પહોળુ હોય અને તેમાં સમુદ્રની ભરતીનું પાણી આવે તેને ખાડી કહે છે.

ખીણ-બે ડુંગર અથવા બે પર્વતો વચ્ચેના નીચા પ્રદેશને ખીણ કહે છે.

દ્વીપકલ્પ-જેની ત્રણે બાજુ પાણી અને એક બાજુ કોરી જમી હોય તેને દ્વીપ કલ્પ કહે છે.

આગ ગાડી-જે ગાડી દેવતા અને પાણીની વરાળવડે ચાલે છે તે આગ ગાડી કહે છે.

આગબોટ—જે વહાણ વરાળથી ચાલતું હોય તેને આગબોટ કહે છે.

બંદર—જે ગામ નદી કે દરીઆ કિનારે આવેલું હોય અને ત્યાં વહાણથી માલ ચઢતો ઉતરતો હોય તેને બંદર કહે છે.

બારૂ—વહાણ કે આગબોટ જે જગ્યાએ લંગારવામાં આવે છે તેને બારૂ કહે છે.

લાટ—લગભગ નર્મદા અને મહી નદીની વચ્ચે આવેલા મુલકને લાટ કહે છે.

કાનમ—જંબુશર તાલુકો આમોદ તાલુકો પાદરા તાલુકો ચારંદા તાલુકો શિનોર તાલુકો અને ડભોઈ તાલુકાના દક્ષિણ ભાગને કાનમ કહે છે.

ભાલ—ધોળકા તાલુકાના અર્ધા દક્ષિણ ભાગને તથા ધંધુકા તાલુકાના અર્ધા પૂર્વ ભાગને ભાલ કહે છે.

તર—પેટલાદ તાલુકો ખંભાતના રાજયનો ઉત્તર ભાગ, આણંદ તાલુકો બોરસદ તાલુકો અને નડીઆદ તાલુકાના દક્ષિણ ભાગને ચરોતર કહે છે

કોશી—અમદાવાદ શહેરની આસપાસ ૧૫ માઈલ સુધીના ભાગને દશકોશી કહે છે

સાબરકાંઠો-સાબરમતી નદીના દક્ષિણ ભાગને સાબરકાંઠો કહે છે.

ચુંવાળ-નળકાંઠાની ઉત્તરે તથા બહુચરાજીની આજુબાજુના ભાગને ચુંવાળ કહે છે, આ ભાગમાં ૪૦ ગામ આવેલાં છે.

માળ-ઠાસરા તથા કપડવણજ તાલુકાના પૂર્વ તથા દક્ષિણ ભાગને માળ કહે છે.

ગુજરાત પ્રાંતની ભૂગોળ.

સીમા.

ગુજરાતની ઉત્તરે આબુ પર્વત અને શિરોઇ તથા કચ્છનું રણ, દક્ષિણે અરબી સમુદ્ર તથા થાણા જીલ્લો પૂર્વે માળવા અને ખાનદેશ અને પશ્ચિમે કચ્છનો અખાત અને અરબી સમુદ્ર છે.

વિસ્તાર ગુજરાત દેશ અમદાવાદ જીલ્લાથી પંદર ઘણો મોટો અને તેનું ક્ષેત્રફળ લગભગ ૬૦૦૦૦ ચો, માઇલ છે.

કુદરતી વિભાગો-ગુજરાતનો પશ્ચિમ તરફનો પ્રદેશ ભાગ તદન જુદો પડે છે, અને તે ભાગ ઉંચાણમાં છે.

નિચાણુ ઉંચાણુ–ગુજરાતમાં ઘણી નદીઓ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે તેથીજ જણાય છે કે પુર્વનો ભાગ ઉંચાણમાં છે અને પશ્ચિમના ભાગની જમીન ઢાળ પડતી દરીઆની સપાટીને મળી જાય છે. અને કાઠીયાવાડનો વચલો ભાગ ઉંચો છે કારણ કે ત્યાંથી ચારે બાજુ નદીઓ નીકળીને ફેલાય છે.

કુદરતી રચના·કાઠીઆવાડની રચના ઉપરથી જણાય છે કે અસલે એ ટાપુનો સમુદ્ર હશે કારણકે હાલ પણ તે પ્રદેશનો કેટલોક ભાગ નિચાણમાં અને ખારવાળો છે. અને તેનો આકાર દ્રીપકલ્પ જેવો જણાય છે.

પહાડો–ગુજરાતની ઉત્તરે આરાસુર (આબુ) પહાડ છે. તથા પંચમહાલ જીલ્લામાં પાવાગઢ અને કાઠીઆવાડમાં શેત્રુંજો છે તેની ઉપર શ્રાવક લોકોનાં દેહરાં છે તેથી તે શ્રાવક લોકોનું જાત્રાનુ ધામ ગણાય છે. તે સિવાય, ચોટીલા, ગીર, બર્ડો, રાજપીપળા, પારનેરા વિગેરે છે.

નદીઓ–નર્મદા તાપી મહી ઢાઢર વાત્રક સાબરમતી બનાસ સરસ્વતી બાદર ભોગાવો એ મુખ્ય છે.

ધોધ–નર્મદા નદીનો સુરપાણનો છે.

રણ–કાઠીઆવાડની ઉત્તરે કચ્છનું રણ છે.

આબોહવા—ગુજરાતના દક્ષિણ અને પશ્ચિમ કિનારા પાસે અરબી સમુદ્ર છે. તેથી ત્યાં વરસાદ વધારે પડે છે. અને ઉત્તર કિનારા તરફ દરીઓ પાસે નહોવાથી તથા નજીકમાં રણ હોવાથી પાલણપુર એજન્સી તરફ વરસાદ ઓછો પડે છે.

વનસ્પતિ—જયાં જયાં ડુંગરો હોય ત્યાં જંગલો વધારે હોય છે કાઠીઆવાડના ગીરનારના ડુંગરમાં અને પંચમહાલ અને પૂર્વના ડુંગરમાં મહુડા સીસમ રાયણ સાગ અને વાંસ બહુ થાય છે. અમદાવાદ અને ભરૂચ જીલ્લામાં બાળવાનાં લાકડાં કેટલીક વખત ત્યાંથી આવે છે સુરત એજન્સીમાં ઇમારતી લાકડું પુષ્કળ થાય છે પંચમહાલ જીલ્લામાં મહુડાનાં ઝાડ એટલાં છે કે ત્યાંનાં મહુડાં આખા ગુજરાત અને દક્ષિણમાં મોકલવામાં આવે છે. એ સિવાય લીમડો પીપળો બાવળ આંબા આંમલી રાયણ વડ ખાખરા વગેરે ઘણી જગાએ છે.

નહેર—હાથમતીની નહેર છે તેમાંથી પાણીની નહેરો કાઢી ખેતી વાડીને પાણી પુરૂં પાડે છે.

જનાવરો—આખા ગુજરાતમાં સિંહ ગીરનારા ડુંગરમાં જોવામાં આવે છે આ ઉપરાંત વાઘ દીપડા રીંછ વરૂ જેવાં શિકારી તથા સાબર હરણ વગેરે જનાવર જંગલમાં ઘણે ઠેકાણે જોવામાં આવે છે એ સિવાય પાળી શકાય તેવાં ઉંટ ઘોડા ગધેડાં પાડા બળદ ગાય:ભેંસ કુતરા સર્વ જગાએ જોવામાં આવે છે નવાનગરની પાસેની ખાડીમાંથી મોતીની માછલીઓ નીકળે છે તથા ગુજરાતમાં સાપ અને વીંછીનું જોર ઘણે ઠેકાણે છે.

વસ્તી–ગુજરાતની વસ્તી આશરે ૮૫૦૦૦૦૦ માણસની છે એટલે ખેડા જીલ્લાથી આશરે નવઘણી છે તેમાંનો આશરે અધો ભાગ બ્રિટિશ રાજ્યમાં રહે છે ચોથો ભાગ ગાયકવાડને તાબે છે અને ચોથો ભાગ નાનાં દેશી રાજ્યોને તાબે છે ૫૦૦૦૦ હજાર પરદેશી રાજ્યને તાબે છે કુલ વસ્તીનો પોણો ભાગ હિંદુ છે ૧૬૦૦૦૦૦ સોળ લાખ મુસલમાન છે ૨૦૦૦૦ વીશ હજાર પારસી છે ૩૦૦૦૦૦ ત્રણ લાખ જૈન ૭૫૦૦૦ પોણો લાખ ખ્રિસ્તિ અને બીજા પરચુરણ લોકો છે કાઠીઆવાડમાં રજપુતો તથા બીજી જાતના લોકો ઘેંટા બાંધે છે તેથી તે ગુજરાતના લોકના નામથી ઓળખાય છે કાઠીઆવાડ મુલક પહાડી છે તેથી ત્યાંના લોકો વધારે મજબુત છે ગુજરાતના જંગલોમાં ભીલ અને અનાર્ય જાતો વસે છે.

ધર્મ–ગુજરાતમાં મુખ્ય ધર્મ હિંદુ મુસલમાન જૈન પારસી અને ખ્રિસ્તિ છે.

હિંદુ ધર્મમાં કેટલાક શૈવ કેટલાક વૈષ્ણવ ને કેટલાક સ્વામીનારાયણનો ધર્મ પાળે છે સ્વામીનારાયણનો ધર્મ માત્ર ગુજરાતમાંજ છે. શૈવ ધર્મવાળા મહાદેવજીને માને છે. અને તે શ્રીમચ્છંકરાચાર્યના અનુયાયી છે અને વૈષ્ણવ વિશ્નુંના ભક્ત છે.

મુસલમાન મહમદ પેગંમ્બરના અનુયાયી છે.

જૈન–તેમાં બે વિભાગ છે (૧) દિગંબરી અને (૨) શ્વેતાંબરી તેમાં દિગંબરી પારસનાથને આંગી ચઢાવતા નથી અને શ્વેતાંબરી ચઢાવે છે.

ખ્રિસ્તિ ધર્મવાળાલોર્ડ-જીસસ ક્રાઈસ્ટના અનુયાયી છે.

ધંધાઓ-ગુજરાતના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે તથા કેટલાક લોકો વ્યાપાર કારીગરી મજુરી અને ખાનગી તથા સરકારી નોકરી કરે છે કિનારાપરના લોકો ખલાશીનો ધંધો કરે છે.

વેપાર-ગુજરાતમાં ખેતીથી તથા ઉદ્યોગથી જે પાકે છે તેમાંથી ઘણુ કરીને સુતર સુતરાઉ કાપડ તમાકુ વલીયારી. જીરૂં રેશમી કાપડ તેલીબીઆં અને અનાજ પરદેશ મોકલવામાં આવે છે.

પરદેશથી આવતો માલ-સોનુ રૂપું લોઢાનો સામાન સાંચા-કામ વિલાયતી કાપડ દવાઓ ખાંડ કાચના વાસણો કેરોશીન રંગો એ ચીજો મુખ્ય છે.

ઉપરનો વેપાર ચલાવવાં માટે નામદાર બ્રિટિશ સરકાર તરફથી ત્રણ રીતે જવા આવવાની સગવડ કરેલી છે

(૧) રેલ્વે માર્ગે

(૨) પાકી અને કાચી સડકોને માર્ગે

(૩) દરિઆ કે નદી માર્ગે

રેલ્વેમાં મુખ્ય લાઇન બોમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ રેલ્વે તથા રજપુતાના માળવા રેલ્વે આ ઉપરાંત બીજી નાની નાની શાખાઓ ઘણી છે

પાક–ગુજરાતમાં તમાકુ વરીઆળી જીરૂ કપાસ સેરડી ઘઉં બાજરી દીવેલા તેલીબીઆં બાવટો કોદરા જાર મકાઈ સાગ વગેરે કેટલેક ઠેકાણે પાકે છે

ખનીજ–કાઠીઆવાડના ડુંગરમાંથી ઘર બાંધવાના પત્થર તથા ખંભાળીઆમાં તાંબાની ખાણ છે રાજપીપળાના ડુંગરમાંથી તથા કપડવણજ તાલુકાની માજુમ નદીમાંથી અકીકના પત્થર નીકળે છે આબુ વગેરે કેટલીક જગાએથી આરસના પથ્થર નીકળે છે પાવાગઢમાંથી લોઢું તથા મેંગેનીઝ નીકળે છે તથા પંચમહાલમાંથી સીસું નીકળે છે ખારાઘોડાના કુવામાંથી પાણી કાઢી પુસ્કળ મીઠું પકવવામાં આવે છે તથા વલસાડની પાસે ધરાસણામાં મીઠું પકવવામાં આવે છે.

રાજ્યના અમલદારો તથા તેમનાં કામ.

મુખી અથવા પોલિસ પટેલ–એ ગામનો ઉપરી કહેવાય છે અને ગામનું મહેસુલ ઉઘરાવવામાં તથા બીજા કામમાં તલાટીને મદદ કરે છે. ફોજદારી કામ તથા જન્મ મરણના પત્રકનું કામ પણ તે કરે છે તેમને વાર્ષીક પગાર મળે છે.

તલાટી–એ ગામડાની વસુલાત ઉઘરાવે છે તથા હિસાબો કાગળો તૈયાર કરે છે અને મુખીને લખવાના કામમાં મદદ કરે છે.

મહાલકારી–એ મહાલનો ઉપરી છે અને તે મહેસુલ વસુલ કરે છે તેમને ફોજદારી હલકા ગુન્હા ચલાવવાનો અધિકાર ઘણું કરીને હોય છે ને તેમને આશરે રૂ. ૮૦) નો માસિક પગાર હોય છે.

મામલતદાર–એ અમલદાર તાલુકામાં રહે છે અને તાલુકાનું મહેસુલ ઉઘરાવે છે તથા તાલુકાની દેખરેખ રાખે છે અને ફોજદારી હલકા ગુન્હા ચલવવાનો અધિકાર હોય છે અને તે તાલુકાના ઉપરી કહેવાય છે તેમને આશરે રૂ. ૨૦૦) માસીકનો પગાર હોય છે.

આસિસ્ટંટ કલેકટર–આ અમલદાર કલેકટર સાહેબની મદદમાં રહે છે અને તેમને બે કે ત્રણ તાલુકા ઉપર દેખરેખ રાખવાનું કામ હોય છે તથા ફોજદારી ભારે ગુન્હા ચલાવવાનો અધિકાર હોય છે તેમને આશરે રૂ. ૭૦૦) નો માસીક પગાર હોય છે.

ડેપ્યુટી કલેકટર–એ જીલ્લાની તિજોરીનું કામ કરે છે તથા ફોજદારી ભારે ગુન્હા ચલાવવાનો અધિકાર તેમને હોય છે અને તેમને આશરે રૂ. ૫૦૦) નો માસીક પગાર હોય છે

કલેકટર–એ જીલ્લાના ઉપરી કહેવાય છે તે જીલ્લાની વસુલાત પોલિસ. જેલ, કેળવણી, મ્યુનિસિપાલિટી, દવાખાનાં જાહેર બાંધકામ તથા જીલ્લાની રૈયતની સુખાકારી વગેરે ખાતાં ઉપર દેખરેખ રાખે છે. તેમાં ફોજદારી તથા મહેસુલના કામ સબંધી ઇન્સાફ પણ કરે છે. વળી જીલ્લાની પાસે દેશી રાજ્ય હોય તેના ઉપર પણ દેખરેખ રાખે છે અને જ્યારે દેશી રાજ્યમાં તપાસ કરવા જાય છે ત્યારે ત્યાં તે પોલિટિકલ એજન્ટ કહેવાય છે તેમને આશરે રૂ. ૨૦૦૦ નો માસીક પગાર હોય છે.

કમિશ્નર સાહેબ—એ પ્રાંતના ઉપરી કહેવાય છે અને આખા પ્રાંતની તેમને સંભાળ રાખવી પડે છે તેમને આશરે રૂ. ૩૦૦૦) નો માસિક પગાર હોય છે.

દિવાની ખાતું-બ્રિટિશ સરકારે જીલ્લાના મોટા સ્થળોમાં મુન્સફો રાખેલા હોય છે તેમને સબોર્ડિનેટ જડજ પણ કહે છે તે દેવા લેણાનો તથા એકબીજાની જમીન તથા મીલકત દબાવેલી હોય તેનો અને વારસાનો ઇન્સાફ કરે છે, તેમના ઉપરી પ્રાંતના જડજ અને જડજના ઉપરી ઇલાકાની હાઇકોર્ટના જડજ સાહેબ છે તે દિવાની તથા ફોજદારી કામની અપીલો સાંભળે છે મુન્સફ સાહેબને આશરે રૂ. ૩૦૦) નો માસિક પગાર હોય છે.

ડિસ્ટ્રીક જડજ—એ સેસન જડજ તરીકે ખુન અને લુટફાટના મોટા ગુન્હા ચુકવે છે, તેમની મદદમાં આસિસ્ટંટ જડજ તથા જોઇંટ જડજ હોય છે.

ફોજદાર—આ અમલદાર ચોર ધાડપાડનાર ખુન કરનાર ખોટા દસ્તાવેજ કરનાર વગેરેને પકડી માજીસ્ટ્રેટના હવાલામાં સોંપે છે પોલિસ ખાતાથી લોકોના જાનમાલનું રક્ષણ થઇ શકે છે ફોજદારના તાબામાં જમાદાર હવાલદાર તથા પોલિસ હોય છે.

પોલિસઇન્સપેક્ટર—એ પોતાના તાબાના ફોજદારો (સબઇન્સ પેક્ટરો) ના કામ ઉપર દેખરેખ રાખે છે તેમને આશરે રૂ. ૧૨૫) નો માસિક પગાર હોય છે.

પોલીસ સુપ્રીટેન્ડટ–એ પોતાના જીલ્લાના ફોજદારો ઉપર તથા પોલિસ ઇન્સ્પેક્ટરોના કામ ઉપર દેખરેખ રાખે છે મોટા જીલ્લામાં પોલિસ–સુપ્રીન્ટેન્ડેન્ટના હાથ નીચે આ. પો. સુપ્રીન્ટેન્ડેન્ટ હોય છે તેમને આશરે રૂ. ૯૦૦) નો માસિક પગાર હોય છે તેમના ઉપરી ઇલાકાના ઇન્સ્પેકટર જનરલ સાહેબ હોય છે.

પોલિટિકલ એજન્ટ–એ એજન્સીના ઉપરી કહેવાય છે. અને તે આખી એજન્સી ઉપર દેખરેખ રાખે છે તેમને આશરે રૂ ૧૫૦૦ નો માસિક પગાર હોય છે.

એજન્ટ ટુ. ધિ ગવર્નર–એ પોલિટિકલ એજન્ટના ઉપરી કહેવાય છે તેમને લગભગ કમિશ્નર સાહેબના જેટલો અધિકાર હોય છે જ્યાં મોટી એજન્સી હોય ત્યાં તેમને રાખવામાં આવે છે અને તેમના હાથ નીચે પોલિટિકલ એજન્ટ હોય છે

રેસીડેન્ટ–જ્યાં મોટું દેશી રાજ્ય હોય ત્યાં તેમને રાખવામાં આવે છે તે આખા દેશી રાજ્ય ઉપર દેખરેખ રાખે છે તેમના ઉપરી વોઇસરાય (ગર્વનર જનરલ છે)

સબરજીષ્ટાર–એ દસ્તાવેજ નોંધે છે તથા તેની નકલો રાખેછે તેમના ઉપરી જીલ્લાના કલેકટર સાહેબ છે તેમને આશરે રૂ. ૧૦૦) માસિક પગાર હોય છે.

સેનેટરી ખાતુ–માણસો તથા ઢોરોની સુખાકારી સાચવવા તથા સ્વચ્છ હવા પાણી મળે તેવા ઉપાયો કરે છે તથા ગામના

મહોલ્લા રસ્તા કુવા સ્વચ્છ રખાવવા તથા કોલેરા વગેરે ચેપી રોગ ફાટી નીકળે તો તે સબંધી બનતા ઉપાયો લેવા સરકારે એક કમિટિ નીમે છે તેને સેનેટરી બોર્ડ કહે છે

મ્યુનિસિપલ બોર્ડ–આ બોર્ડ મોટા શહેરોમાં હોય છે ત્યાં શહેરના અમુક લત્તા પાડી (ભાગ પાડી) દરેક લત્તામાંથી એકેક મેમ્બર રૈયત પસંદ કરે છે તેટલાજ સરકાર પસંદ કરે છે આ પસંદ કરેલા મેમ્બરોના મંડળને મ્યુનિસિપાલ જનરલ બોર્ડ કહે છે તેજનરલ બોર્ડ શહેરમાં સ્વચ્છતા રખાવવા તથા ચોકખું પાણી પુરૂં પાડવા તથા સાફ રખાવવા પાણી છંટાવવા નિશાળોની સંભાળ રાખવા દવાખાનાની સંભાળ રાખવા વગેરે માટે કમિટિઓ નીમે છે તે દરેક કમિટિમાં ત્રણ મેમ્બર અને એક ચેરમેન હોય છે મ્યુનિસિપલના દરેક મેમ્બરો કમિશ્નરો પણ કહેવાય છે તે બીન પગારે કામ કરે છે

કેળવણી ખાતુ–દરેક જીલ્લામાં નિશાળો કેળવણી ખાતાના તાબામાં હોય છે સ્કુલોની તપાસ કરવા માટે સરકારે દરેક જીલ્લામાં ડે. એ. ઇ. રાખેલા છે અને તેમની મદદમાં આ. ડે. એ. ઇ. હોય છે તેમના ઉપરી ઉત્તર વિભાગના એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબ છે અને તેમના ઉપરી ઇલાકાના ડિરેકટર સાહેબ છે ડે. એ. ઇ. ને આશરે રૂ. ૨૦૦) સુધીનો માસિક પગાર હોય છે આ. ડે. એ. ઇ. ને આશરે રૂ. ૭૫ થી ૧૨૫ સુધીનો માસિક પગાર હોય છે અને એ. ઇ. સાહેબને આશરે ૯૦૦) નો માસિક પગાર હોય છે તથા મે. ડિરેકટર સાહેબને આશરે રૂ. ૨૦૦૦) નો માસિક પગાર હોયછે

વૈદક ખાતુ–માંદા માણસની સંભાળ રાખવા તથા દવા આપવાને સરકારે દરેક તાલુકામાં હોસ્પિટાલ આસિસ્ટંટ હોય છે તેમના ઉપરી જીલ્લાના સર્જન છે અને તેમના ઉપરી ઇલાકા સર્જન જનરલ હોય છે

જાહેર બાંધકામ ખાતુ–સરકારી મકાન રસ્તા પુલો વગેરે બાંધવા તથા રિપેર કરવાને સરકારે દરેક તાલુકામાં ઓવરસીયર રાખેલા છે તેમના ઉપરી જીલ્લાના એક્ઝિક્યુટિવ એન્જીનિયર હોય છે

શીતળા ખાતુ–નાનાં બાળકોને શીતળા (બળીયાકાકાં) કાઢવા માટે ખાતુ સરકારે કાઢ્યું છે

આબકારી ખાતુ–સરકારની રજા વગર કેફી વસ્તુ વેચનાર અથવા લાવનાર ઉપર તપાસ રાખનાર આ ખાતુ છે તેને માટે, દરેક જીલ્લામાં આબકારી ઇન્સ્પેક્ટરો હોય છે

કસ્ટમ્સ ખાતુ–જે વસ્તુ દરિઆ માર્ગે આ દેશમાં આવે તેની તપાસ માટે કસ્ટમ્સ ઓફીસર રાખેલા છે

મીઠા ખાતુ–આ ખાતા તરફથી મીઠા સબંધી કામ ચાલે છે તેને માટે ઇન્સ્પેક્ટરો અને સુપ્રીન્ટેન્ડન્ટ રાખેલા છે આ બધા નોકરો મીઠા ખાતાના કલેક્ટરના તાબામાં છે

તાલુકદારી સેટલમેંન્ટ ઓફીસર–ગુજરાતના તાલુકદારોના ઉપર તપાસ રાખવાને સરકારે તાલુકદારી સેટલમેન્ટ ઓફીસર રાખેલા હોય છે

ઉપર કહ્યું તેમ અંગ્રેજી ખાલસા મુલકના ગુજરાતમાં પાંચ જીલ્લા પાડેલા છે

ભાગ ૨ જો.

ગુજરાત પ્રાંતના ૧૩ ભાગ કરેલા છે તેમાં પાંચ જીલ્લાઓ ૬ છ એજન્સીઓ અને ૨ બે સંસ્થાન છે

જીલ્લાઓ.

(૧) અમદાવાદ (૨) ખેડા (૩) પંચમહાલ (૪) ભરૂચ (૫) સુરત

એજન્સીઓ.

(૧) પાલણપુર (૨) મહીકાંઠા (૩) રેવાકાંઠા (૪) સુરત (૫) પંચમહાલ (૬) કાઠિઆવાડ

સંસ્થાન.

(૧) વડોદરા (૨) ખંભાત.

અમદાવાદ જીલ્લો.

તાલુકા—(૧) પ્રાંતીજ (૨) વીરમગામ (૩) ધોળકા (૪) ધંધુકા (૫) આણંદ (૬) દશક્રોઇ

પેટા મહાલ (૧) ઘોઘા (૨) મોડાસા.

તે સિવાય બીજાં ગામ ધોળેરા બરવાળા કુંડળી આસ્લીઆસ્ર ખારાગોડા પાટડી ધનસુરા સર્ખેજ

નદી-સાબરમતી હાથમતી વાત્રક મેશ્વો

જાણવા લાયક ગામ.

અમદાવાદ-આ શહેર ગુજરાતના પાદશાહ અહમદશાહે વસાવ્યું હતું અહી ઉત્તર વિભાગના કમિશ્નર સાહેબ તથા અમદાવાદ જીલ્લાના કલેકટર સાહેબ રહે છે ત્યાંના રેશમી ધોતી જોટા કિનખાબ મશરૂ તથા સુતરાઉ કાપડ સારૂં થાય છે અહી શાહઆલમનો રોજો જુમા મસીદ કાંકરીઉં તલાવ હઠીસીંગની વાડી દાદાહરિની વાવ ભદ્રનો કિલ્લો વગેરે જોવા લાયક છે ત્યાં ૧૮૬૦૦૦ માણસની વસ્તી છે આ શહેર ગુજરાતની રાજધાની કહેવાય છે

વીરમગામ-અહીં મુખ્ય વેપાર રૂનો છે અહીથી રેલ્વેના ઘણા ફાંટા નીકળે છે તેથી તે જંકશન કહેવાયછે ત્યાં સિદ્ધરાજની મા મિનળ દેવીએ બંધાવેલું મુનસર તલાવ છે અહી ૧૮૦૦૦ માણસની વસ્તી છે

ખારાઓઢા-અહીં ના કુવામાંથી પાણી કાઢી વરાગડું મીઠું પંકવવામાં આવે છે

ધોળકા—આ ગામ ઘણું જુનું છે પ્રથમ આ જગાએ મહાભારતમાં આવેલું વૈરાટનગર હતું ત્યાંનાં સુંઠ અને દાડમ વખણાય છે ત્યાં સિદ્ધરાજની મા મિનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ છે ત્યાંની જમીન ભેજવાળી હોવાથી ચોમાસામાં ત્યાંનાં હવાપાણી નબળાં ગણાય છે ત્યાં ૧૫૦૦૦ માણસની વસ્તી છે

ઘોઘા—તેની પાસે દરિયો હોવાથી ત્યાંની હવા સારી છે તેથી ઉનાળામાં ઘણા લોકો ત્યાં હવા ખાવા જાય છે એ પહેલાં મોટું બંદર હતુ ત્યાં ૫૦૦૦ માણસની વસ્તી છે

પ્રાંતીજ—સાણુ સારા થાય છે

ધોળેરા—યાંનું રૂ વખણાય છે

સાણંદ—ઘઉં સારા થાય છે

સર્ખેજ—અહી સુલતાનનો રોજો જોવા લાયક છે

ખેડા જીલ્લો.

તાલુકા—(૧) કપડવણુજ (૨) ઠાસરા (૩) નડીઆદ (૪) મહેમદાવાદ (૫) માતર (૬) આણંદ (૭) બોરસદ

કપડવણજ તાલુકો.

હદ—ઉત્તરે ગાયકવાડનું રાજ્ય પૂર્વે ગાયકવાડનુ રાજ્ય તથા બાલાસીનોર સંસ્થાનછે દક્ષિણે મહેમદાવાદ નડિઆદ તથા ઠાસરા તાલુકા છે પશ્ચિમે ગાયકવાડનો કેટલોક ભાગ તથા મહેમદાવાદ તાલુકો છે

આ તાલુકામાં ૮૮ ગામ છે તથા ૭૦૨૫૮ માણુસની વસ્તી છે તેમાં ૬૪૨૮૩ હિંદુ ૯૩૭૫ મુસલમાન ૧૧૬૨ જૈન તથા બાકીની પરચુરણ જાતની વસ્તીછે

નદી—વાત્રક મહોર વરાંશી

ગામ—કપડવણજ તોરણા છીપડી લસુંદ્રા પીદાઇ કઠલાલ આંત્રોલી અનારા રવદાવત અપરૂજી સાવલી કઠાણા દઇઅપ છીપીઆલ શાહપુર ફાગવેલ ખંદરપુર દાસલવાડા વગેરે

જાણવા લાયક ગામોની હકીકત.

કપડવણજ—એ તાલુકાનુ મુખ્ય ગામ કિલ્લાબંધી છે ત્યાંના કાચને સાબુ વખણાય છે ત્યાં ૧૫૩૦૫ માણુસની વસ્તી છે તેનું મૂળ નામ કપટપુર હતુ તે ઉપરથી કપડવણજ પડ્યુ છે કેટલાક કહે છે કે ત્યાં અસલ કાપડનો વેપાર ચાલતો તે ઉપરથી પડ્યુ છે વળી કેટલાક કહે છે કે ત્યાં પહેલાં પાંચ મસીદો હતી તે ઉપરથી કપડવણજ

પડ્યું છે પણ ખરૂં શું છે, તે કહી શકાતું નથી ત્યાંના લોટીઆ વહોરાની વસ્તી વધારે છે. પણ તે સુંગધ વેપાર કરેછે તેમની હવેલીઓ જોવા લાયક છે અહીંથી ૧૦ દશ માઇલ ઉપર માજુમ નદી છે ત્યાંથી અકીકના પત્થર નીકળે છે તે વહોરા લોકો એકઠા કરી ખંભાત સાફ કરાવવા મોકલેછે ત્યા કુંડ વાવ તથા હમણાંનો ઘડિઆળનો બુરજ છે મામલતદાર તથા સબજડજની કચેરીઓ તથા પોષ્ટ ઓફીસ અને એક ડીસ્પેન્સરી છે કપડવણજથી ડાકોર સુધી ૨૦ માઇલની સડક બાંધેલી છે વળી પશ્ચિમ બાજુથી ૨૭ માઇલની નડીઆદ સુધી પાકી સડક બાંધેલી છે હાલ કપડવણજ રેલ્વે સ્ટેશનછે

લસુદ્રા–ઉના પાણીના કુંડ છે.

પીઠાઇ–પીઠેશ્વરી માતાનું સ્થાન છે.

સાવલી–મોટું તલાવ છે.

ઠાસરા તાલુકો.

હદ–ઉત્તરે કપડવણજ તાલુકો તથા બાલાશીનોરનું સંસ્થાન છે પૂર્વે મહી નદી ગોધરા તાલુકો તથા ગાયકવાડનું રાજ્ય છે દક્ષિણે આણંદ તાલુકો તથા ગાયકવાડનું રાજ્ય પશ્ચિમે ગાયકવાડનું રાજ્ય તથા નડીઆદ અને આણંદ તાલુકા છે

આ તાલુકામાં ૯૭ ગામ તથા ૭૩૯૮૦ છે માણસની વસ્તી છે તેમાં ૬૪૫૬૧ હિંદુ ૭૯૦૩ મુસલમાન, ૧૩૬૬ ખ્રિસ્તિ તથા બાકીની પરચુરણ વસ્તી છે

નદી—મહી શેઢી ગળતી

ગામ—ઠાસરા રસુલપુર ડાકોર જનોડ પડાળ કાળસર ડુણાદ્રા વાંઘરાલી વાડદ આગરવા વનોડા હ'ગાડીપાડીઆ સાંઢેલી ખાખરીઆ સેવાલીઆ પાલી સણાદ્રા ચેતરસુબા સોનૈયા રાણીઆ જેસાપુર બોરડી વગેરે

જાણવા લાયક ગામોની હકીકત.

ઠાસરા—તાલુકાનું મુખ્ય ગામ છે ત્યાં ૪૧૭૯ માણસની વસ્તી છે તેમાં મામલતદારની કચેરી પોષ્ટ ઓફીસ તથા છોકરા છોકરીઓની નિશાળ છે અહીથી ઘાસ પરદેશ ખાતે ચઢે છે

ડાકોર—એ ઠાસરા તાલુકામાં મોટામાં મોટું ગામ છે તેમાં ૯૦૦૦ માણસની વસ્તી છે ત્યાં શ્રી રણછોડજી મહારાજની મૂર્તિ છે તે મૂર્તિ બોડાણા નામે ભક્ત દ્વારકાંથી લાવ્યો હતો એમ કહેવાય છે તથા ગોમતી નામે તળાવ છે અહી આશો સુદી ૧૫ એટલે માણેકઠારી પુનમે મોટો મેળો ભરાય છે તે ત્રણ દિવસ રહે છે

' સેવાલીઆ પાલી-સ્ટેશન છે અને ત્યાં મહી નદીનો પૂલ આવેલો છે.

સૈયતઓરડી-મોટું તલાવ છે

વાંઘરોલી-મોટું તળાવ છે

કુણાદ્રા-ત્યાં આગળ ખડખડા નામે ટેકરી છે તેમાંથી ગોળવા પત્થર નીકળે છે તે રેલ્વે લાઇન ઉપર નાખવામાં આવે છે

વિશેષ હકીકત-આ તાલુકામાં મોટાં તલાવ છે તે સંવત ૧૯૫૬ ના દુકાળમાં ગરીબ લોકોના નિર્વાહ ચલાવવાની ખાતર ખોદાવ્યાં છે

નડીઆદ તાલુકો.

હદ-ઉત્તરે મહેમદાવાદ તાલુકો તથા કપડવણજ તાલુકો પૂર્વે આણંદ તથા ઠાસરા તાલુકા દક્ષિણે આણંદ તાલુકો તથા ગાયકવાડનું રાજ્ય પશ્ચિમે માતર તાલુકો તથા ગાયકવાડનું રાજ્ય છે

આ તાલુકામાં ૯૩ ગામ તથા ૧૪૮૪૫૨ માણસની વસ્તી છે તેમાં ૧૨૪૨૦૪ હિંદુ ૧૭૨૫૧ મુસલમાન ૧૦૬૦ જૈન તથા ૫૮૭૯ ખ્રિસ્તિ છે તથા બાકીની પરચુરણ જાતની વસ્તી છે

કસબા-નડીઆદ અલીણા મહુધા

નદીઓ-શેઢી મહેર લુણી

ગામો—નડીઆદ અલીણા સુગુલ મહોળેલ ઉતરસંડા ચકલાશી નરસંડા ડભાણ વડથલ ભાનેર ઘંઘોડી ભુમસ હજાતીઆ સોંધાલી ખુડજ મુળજ અરેરા દેગામ દાવડા બામણોલી દંતાલી પીપળાતા ગિગાલ આખડોલ કેરીઆવી મહમદપુરા કણજરી ફતેપુર સલુણવાંટો સલુણ તળપદ કંજોડા સુરાશામળ અલીંદ્રા માંગરોલી હેરંજ ટોડપુર સઝાલી પાલડી ન્હાનાવગા જાવોલ કોટ નવાગામ વીણા ધાયજ વાલા બીલોદરા ખડોલ નાની ખડોલવડી સાસ્તાપુર નંદગામ બાપાવાડા વાસણા વગેરે

જાણવા લાયક ગામો.

નડીઆદ—એ તાલુકામાં તેમજ જીલ્લામાં મોટું ગામ છે તેમજ વેપારનું મુખ્ય મથક છે ત્યાં ૨૬૯૮૧ માણસની વસ્તી છે અહી મુસલમાનની વસ્તી વધારે હોવાથી કસ્બો કહેવાય છે ત્યાં મ્યુનિસિપાલટી છે તેથી ગામનો વહીવટ મ્યુનિસિપાલટી કરે છે નડીઆદનું બીજું નામ નટપુર છે અહી સંતરામ મહારાજનું તથા નારાયણદેવ મહારાજનું અને ગોસ્વામીજી (ગુસાંઈજી) વગેરે મોટાં મંદીર છે અહીનાં નાડાં તથા કૂંપ વખણાય છે તથા પરદેશ જાય છે

મહુધા—એ કસ્બો છે ત્યાંની સુશી વખાણાય છે
ભાનેરને ખાંડીવાવ—રીંગણાં (વંતાક) ઘણાં થાય છે

સાસ્તાપુર—ખોળીઆં સારાં થાય છે

વડથલ–વરીયાળી સરસવ રાઇ ડાંગર સારાં થાય છે

ચકલાશી–અહી આદુ બટાટા શેરડી તમાકુ જીરૂં શકરકંદઆં વગેરે સારાં થાય છે ચકલાશીનું બીજુ નામ ચકાવતી છે

ખડોલ નાની–લસણ ડુંગરી વરીયાળી સારી થાય છે

વડતાલ–સ્વામીનારાયણનું મોટું મંદીર છે ત્યાં ચૈત્ર સુદ ૯ એટલે રામનવમીએ મોટો મેળો ભરાય છે

અલીણા–આ ગામની ચારે બાજુએ કોટ છે તેમ તે કસ્બો છે

વિશેષ હકીકત–નડીઆદથી કપડવણજ તરફ જવા આવવાની ગુજરાત રેલ્વેનીકળી છે

મહેમદાવાદ તાલુકો.

હદ–ઉત્તરે અમદાવાદ જીલ્લો ગાયકવાડનું રાજ્ય અને કપડવણજ તાલુકો છે પૂર્વે નડીઆદ તાલુકો દક્ષિણે માતર તાલુકો તથા નડીઆદ તાલુકો પશ્ચિમે માતર તાલુકો તથા અમદવાદ જીલ્લો છે.

એમાં ૬૮ ગામ તથા ૭૫૫૯૨૬ માણસની વસ્તી છે તેમાં ૬૪૮૨૯ હિંદુ ૬૪૫૫ મુસલમાન ૨૨૫૨ જૈન તથા ૨૦૬૯ ખ્રિસ્તિ છે તથા બાકીની પરચુરણ જાતની વસ્તી છે

કસ્બા-મહેમદાવાદ ખેડા

નદીઓ-વાત્રક મેશ્વો શેઢી ખારી

ગામો-મહેમદાવાદ ખેડા સિહુંજ મહીજ કનીજ સરસવણી રૂદણ અકલાચા મોંકવા વાંઠવાળી વણસોલ સુંડા વરસોળા રિછોલ સાંખેજ મલાતજ હળધરવાસ ઘોડાસર ગોઠાજ બીડજ લાલી કાછ્ઇ વગેરે

જાણવા લાયક ગામો.

મહેમદાવાદ-એ મહમદ બેગડાએ ઈ. સ. ૧૪૭૯ માં વસાવ્યું હતું તેના નામ ઉપરથી તે મહમુદાબાદ પડ્યું છે એ તાલુકાનું મુખ્ય ગામ છે ત્યાં ૮૦૦૦ માણુસની વસ્તી છે ત્યાં ભમરીઓ કૂવો છે ત્યાં પહેલાં બાસ્તો બનતો હતો વળી તે સ્ટેશન છે તથા ત્યાં રોજરોજી મામલતદારની કચેરી અને પોષ્ટ ઓફીસ ને દવાખાનું વગેરે છે

ખેડા-જીલ્લાનું મુખ્ય ગામ કિલ્લે બંધી વાત્રક અને શેઢી નદીના સંગમ ઉપર છે મહેમદાવાદથી ખેડે જવાની પાકી સડક બાંધેલી છે ત્યાં ૧૦૦૦૦ માણુસની વસ્તી છે ત્યાં જીલ્લાના કલેક્ટર સાહેબ તથા આ. કલેકટર સાહેબ તથા સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ તથા સીવીલસર્જન સાહેબ વગેરે રહે છે

માતર તાલુકો.

હદ–ઉત્તરે અમદાવાદ જીલ્લો તથા મહેમદાવાદ તાલુકો પૂર્વે નડીઆદ તાલુકો તથા ગાયકવાડનું રાજ્ય દક્ષિણે ખંભાત સંસ્થાન તથા ગાયકવાડી રાજ્ય છે પશ્ચિમે અમદાવાદ જીલ્લો તથા ખંભાત સંસ્થાનનો કેટલોક ભાગ છે તેમાં ૮૧ ગામ તથા ૬૧૫૨૨ માણસની વસ્તી છે તેમાં ૫૩૦૮૨ હિંદુ ૫૮૬૧ મુસલમાન ૭૪૦ જૈન તથા ૧૮૮૭ ખ્રિસ્તિ છે બાકીની પરચુરણ જાતની વસ્તી છે આ તાલુકાનું પાણી ઘણુંજ ખારૂં છે અને ત્યાંની જમીન કાળી છે કારણ કે ત્યાં બધી નદીઓનાં વહેણ છે આ તાલુકામાં ડાંગર સારી થાય છે આ તાલૂકાનાં કેટલાંક ગામ દશકોશીના ગામ કહેવાય છે

નદીઓ–સાબરમતી શેઢી ખારી

ગામ–માતર રઢું લીબાશી ત્રાજ અસીંદરા સંધાણા રતનપુર ખાંધલી દેથલી મળીઆતજ નવાગામ નાયકા ગોબલજ વાસણા ઉજર્ગ પાલા સોખડા ઓત્રોલી રઢવાણુજ હેરંજ ત્રાણુજ માલીઅત્ર નોદોલી ભલાડા પરિયેજ બામણગામ ખાનપુર સીંજીવાડા દેવાતજ વગેરે છે

જાણવા લાયક ગામો

માતર–એ તાલુકાનું મુખ્ય ગામ છે તેમાં ૪૬૪૨ માણસની વસ્તી છે તેમાં મામલતદારની કચેરી પોષ્ટ ઓફીસ છોકરાઓની નિશાળ શ્રાવક લોકનું મંદિર વગેરે છે

દેથલી–બળીયાકાકાનું સ્થાનક છે.

પાલીા–ત્યાં સાત નદીઓનું પાણી ભેગું થાય છે અને ત્યાં કારતક સુદી ૧૫ ના રોજ મોટા મેળો ભરાય છે તેને વૌઠાનો મેળો કહે છે

ગોબલજ–ત્રાણુજા નગરામા પરિયેજ હેરંજ આ ગામોમાં સરકારે ખેતીના ઉપયોગમાં આવે એવાં મોટાં તળાવો દુકાળમાં બંધાવ્યાં છે

નવાગામ નાયકા–ડાંગેર સારી થાય છે

વિશેષ હકીકત–પહેલાં આ તાલૂકામાં કસુંબી સારી થતી હતી આ તાલુકામાં શ્રાવક લોકની વસ્તી વધારે છે

આણંદ તાલુકો.

હદ–ઉતરે નડીઆદ અને કાસરા તાલુકા પૂર્વે મહી નદી અને ગાયકવાડનું રાજ્ય દક્ષિણે બોરસદ તાલુકો પશ્ચિમે ગાયકવાડનું રાજ્ય અને નડીઆદ તાલુકાનો કેટલોક ભાગ છે.

એમાં ૯૫ ગામ તથા ૩ કસ્બા છે અને કુલ વસ્તી ૧૪૩૩૦૫ માણસની વસ્તી છે. તેમાં ૧૨૧૧૮૦ હિંદુ ૧૨૫૪૨ મુસલમાન ૭૭૩૮ જૈન અને ૮૭૫૯ ખ્રિસ્તિ છે તથા બાકીની પરચુરણ માણસની વસ્તી છે.

નદી-મહી

ગામ—આણંદ ઉમરેઠ નાપાડ કરમસદ ઓડ સારસા બોરીઆ વી સામરખા ચીખોદરા ખંભોળજ થામણા સંદલપુર વાસદ નાવલી અડાસ વડોદ તરગોલ કુંજરાવ સામરખા ભાળજ પણસોળા વણસોલ લાંભવેલ સંદેસર ગાના કાસર બેડવા રાસનોલ મોગર સીલી ખાનકુવા વલાસણ વગેરે ગામો છે.

જાણવા લાયક ગામો

આણંદ–એ તાલૂકાનું મુખ્ય ગામ છે અને તે ખેડા જીલ્લામાં જંકશન છે ત્યાં ૯૫૦૦ માણુની વસ્તી છે અહીં સ્ટેશન ઉપર શેઠ પ્રેમચંદ રાયચંદની બંધાવેલી ધર્મશાળા છે તથા મામલતદારની કચેરી છે મીશનરીઓની જુદા જુદા પંથની જગા છે તથા છોકરા છોકરીઓની નિશાળ છે આણંદ ગામ સ્ટેશનથી એક માઇલ દુર છે અહિંની સુંઘવાની તમાકું વખણાય છે.

ઉમરેઠ–એ તાલૂકામાં મોટામાં મોટું ગામ છે ત્યાં ૧૫૪૯૭ માણસની વસ્તી છે ગામમાં સંતરામ મહારાજનું મંદીર છે ત્યાં ખેડાવાળ બ્રાહ્મણની વસ્તી વધારે છે તેથી તે ખેડાવાળનું વિલાયત કહેવાય છે ત્યાં મુનસફ કોર્ટ દવાખાનું તથા છોકરા છોકરીઓની નિશાળ અને કપાસ લોઢવાનાં બે જીન છે. આ ભાગમાં કુવાનાં પાણી ઘણાં ઉંડાં છે.

બોડ-અહીના કુવા ઘણા ઉંડા છે.

લાંભવેલ-લાંભવેલા હનુમાન છે.

વલાસણ-તમાકુ સારી થાય છે.

ભાળજ-કસ્બો છે અહી ઘણી જુની વાવ છે અને તે સિધ્ધ રાજ જયસીંહની બંધાવેલી કહેવાય છે.

થામણા-અહી દવેજી નામનો બ્રાહ્મણ ઘણો પૈસાદાર હતો અને તે ઉંટ ઉપર હીરા ભરીને લાવ્યો હતો એમ કહેવાય છે.

વાસદ-અહી મહી નદીનો મોટો પુલ બાંધેલો છે

નાપાડ-કસ્બો છે.

વિશેષ હકીકત-આ તાલુકો ચરોતર કહેવાય છે.

બોરસદ તાલુકો.

હદ-ઉતરે ગાયકવાડનું રાજ્ય અને આણંદ તાલુકો છે પુર્વે મહી નદી તથા તેની પેલીમેર ગાયકવાડનું રાજ્ય છે દક્ષિણે મહી નદી તથા ભરૂચ જીલ્લો પશ્ચિમે ખંભાતનું સંસ્થાન તથા ગાયકવાડનું રાજ્ય છે.

એમાં ૯૩ ગામ છે તેમાંનો કેટલોક વડોદરા રાજ્યમાં તથા ખંભાત સંસ્થાનમાં છે તેની કુલ વસ્તી ૧૩૭૮૮૯ માણસની છે તેમાં ૧૨૨૧૦૮ હિંદુ ૮૫૦૦ મુસલમાન ૨૧૧૪ જૈન અને ૪૮૮૭ ખ્રિસ્તિ છે તથા બાકીની પરચુરણ માણસની વસ્તી છે.

નદીઓ–મહી

ગામ–બોરસદ આંકલાવ ભેટાશી વીરસદ નાપા અલારસા રાસ બોચાસણ પાળજ દાવોલ દહેવાણ સુણાવ પીપળાવ પાળજ રંગાઇપુરા પંડોળી આમોદ વડદલા વીરસદ ઉમેટા સંખીયાદ વહેરા દેદરડા પામોલ બામણવા કણભા કંથારીઆ વગેરે ગામ છે

જાણવા લાયક ગામો

બોરસદ–એ તાલુકાનું મુખ્ય ગામ છે અને તે કસ્બો કહેવાન છે તેને બે કોટ છે ત્યાં ૧૩૦૦૧ માણસની વસ્તી છે ત્યાં મામલતદાર માજીસ્ટ્રેટ અને મુન્સફ વગેરેની કચેરીઓ છે તથા પોષ્ટ ઓફીસ છે. દવાખાનું અને મ્યુનિસિપાલ તથા મીશનરીઓની નિશાળ છે અહીના લોકો કસ્બી ગણાય છે,

પીપળાવ–આશાપુરી માતાનુ સ્થાનક છે

પામોલ–ફુલબાઇ માતાનું સ્થાનક છે

કંથારીઆ—અહીનુ તળાવ ઘણું મોટું છે

નાપા—એ કસ્બો છે અહી અસલના વખતનું જુનુ તળાવછે કહેવાણુ—એ પહેલાં મોટું બંદર હતું

સુણાવ-રંગાઇપુરા—અહીની તમાકુ બહુ વખાંણાય છે

વિશેષ હકીકત—આ તાલુકો ચરોતર કહેવાય છે

પંચમહાલ જીલ્લો

તાલુકા—ગોધરા દાહોદ અને કાલોલ

પેટામહાલ—હાલોલ અને ઝાલોદ

મોટાં ગામ—વેજલપુર શહેરા મહેલોલચાંપાનેર વગેરે છે

પર્વત—પાવાગઢ તેમાંથી ગેગેનીજ ધાતુ નીકળે છે તથા કાળકા માતાનું સ્થાનક છે

નદી—મહી

જાણવા લાયક ગામો

ગોધરા—એ પંચમહાલ જીલ્લાનું મુખ્ય ગામ છે ત્યાં ૩૧૦૦૦ માણસની વસ્તી છે અને ગામમાં ગોધરક નામે તળાવ છે

હાલોલ-અહી હાલુર નામના સુથારે મહમુદ બેગડાના વખતમાં સુંદર બાગ બનાવ્યો હતો તેથી બેગડાએ ખુશી થઇ તેના નામ ઉપરથી તે ગામનું નામ હાલોલ પાડયું છે.

દાહોદ-અહી છાબ નામે જુનું તળાવ છે. સિધ્ધરાજના વખતમાં જસમા ઓડણની સરદારી નીચે ઓડ લોકોએ બાંધ્યું હતું.

ચાંપાનેર-એ ચાંપા નામના વનરાજના પ્રધાને વસાવ્યું હતું તેમના નામ ઉપરથી ચાંપાનેર પાડયું હતું હાલ તે ખંડીએર છે

ટુવા-એ ગોધરા પાસે છે ત્યાં આગળ ટાઢા ઉના પાણીના કુંડ છે

વિશેષ હકીકત- આ જીલ્લો જંગલોથી ભરપુર છે તેથી ત્યાં તનદુરસ્તી સાધારણ છે આ જીલ્લામાં મકાઇ તથા મહુડાં ઘણાં પાકે છે અને તે પરદેશ મોકલવામાં આવે છે

ભરૂચ જીલ્લો.

તાલુકા-ભરૂચ અંકલેશ્વર વાગરા આમોદ જંબુસર
પેટામહાલ-હાંસોટ

બીજાં ગામ–શુકલતીર્થ હાંસોટ ટંકારીઆ ધ્વલાત કઠોદ્રા અરભાણુ ભાડભુત માંડવા દેહેજ અમલેશ્વર પાનોલી પાલેજ ચમાદગામ વગેરે

નદીઓ–નર્મદા ઢાઢર મહી કીમ

જાણવા લાયક ગામો

ભરૂચ–એ નર્મદા નદીના કાંઠાઉપર આવેલું છે તે બંદર છે અને ઘણું જુનુ શહેર છે ત્યાં અસલ ભ્રુગુરૂષિનો આશ્રમ હોવાથી એનું નામ ભરૂચ પડ્યું છે તેની પુર્વેમાં બળી રાજાએ કરેલા યજ્ઞની જગા અને ભ્રુગુરૂષિનું દહેરૂં જોવા લાયક છે આ શહેર પાઘડી પને છે એટલે લાંબુ વધારે અને પહોળું થોડું છે નર્મદા નદી ઉપર પૂલ બાંધેલો છે તેને સોનાનો પૂલ કહે છે

અંકલેશ્વર–એ તાલુકાનું ગામને રેલ્વે સ્ટેશન છે અહીંથી નાંદોદ જવાની નાના માપની ગાડી છે.

શુકલતીર્થ–અહી કારતકી પુનમે મોટો મેળો ભરાય છે તે પાંચ દિવસ રહે છે ત્યાં ઓંમકારેશ્વર મહાદેવની મોટી મૂર્તિ છે અને તે નર્મદા નદીને કાંઠે આવેલું છે.

ભાડભુત–ત્યાં ભાડભૂતેશ્વર મહાદેવનું દહેરૂં છે જયારે અધિક ભાદરવો મહીનો આવે છે ત્યારે ત્યાં મોટી જાત્રા ભરાય છે

જંબુસર–અહીની રાઇ વખણાય છે

વિશેષ હકીકત–આ જીલ્લાના કેટલાક ભાગને કાનમ કહે છે અને ત્યાં કપાસ ઘણો પાકે છે તથા કાનમનું ઘી વખણાય છે શુકલ તીર્થ પાસે કબીર નામે વડ છે તે વિષે દંત કથા ચાલે છે કે કબીર સાહેબે-દાતણ કરી ચીરી નાખી હતી તેમાંથી આ વડ ઉગ્યો છે તે તે એટલો મોટો હતો કે ૭૦૦૦ માણસનું લશ્કર તેની નીચે ખુશીથી રહી શકતુ તે કબીરવડ નામે ઓળખાય છે

સુરત જીલ્લો.

તાલુકા–પારડી વલાડ ચીખલી જલાલપુર બારડોલી માંડવી ચોર્યાશી ઓલપાડ

બીજાં ગામ–બીલીમોરા ડુંગરી રાંદેર ઉદવાડા બહુધાન હજીરા કુડસદ વગેરે

પર્વત–પારનેરા

નદીઓ–તાપી કીમ મીંઢોળા પૂર્ણા અંબીકા પાર કોલક દમણગંગા વગેરે

જાણવા લાયક ગામો

સુરત–આ શહેર તાપી નદી ઉપર બંદર છે ત્યાં ૧૧૯૦૦૦ માણસની વસ્તી છે સુરતા નામની રામજણીપરથી એ શહેરનું નામ

સુરત પડયું છે ત્યાં તાપી નદી ઉપર હોપ સાહેબે પૂલ બાંધેલો છે તે તેના નામ ઉપરથી હોપ પૂલ કહેવાય છે આ શહેર રેશમી કાપડ કસબ કામ માટે પ્રખ્યાત છે અહીંના લોકો ખાવાપીવામાં બહુ શોખીન છે અને વસ્તી ઘણી સુઘડ છે સુરતની ખરડી વખણાય છે

વલસાડ–અહીંથી ઇમારતી લાકડાં ગોળ બહારગામ મોકલવામાં આવે છે ત્યાંનાં કેળાં વખણાય છે

તીથલ–હવા ખાવાનું ઠેકાણું છે,

ડુમસ–એ સચીન રાજ્યના તાબાનું ગામ છે ત્યાં ઉનાળામાં શ્રીમંત લોકો હવા ખાવા જાય છે

ઉદવાડ:–પારસી લોકોનું જાત્રાનું ઠેકાણું છે

હજીરા–તાપી નદીના મુખ આગળ હવા ખાવાનું ઠેકાણું છે ગામનું નામ હડે છે ત્યાં વોકસ સાહેબની કબર છે તેથી તે હજીરા નામે ઓળખાય છે ત્યાં દીવાદાંડી છે.

અશ્વિનીકુમાર–તાપી નદીને કાંઠે આવેલું જાત્રાનું ધામ છે ત્યાં દર બાર વર્ષે સિંહસ્થ વર્ષમાં જાત્રા ભરાય છે.

રાંદેર–શરબત ખાર વખણાય છે.

ડુંગરી-હવા ખાવાનું ઠેકાણું છે.

આરપાડ-એ ઢોર તથા લાકડાંનો વેપારનું મથક છે.

વિશેષ હકીકત—આ જીલ્લામાં માંડવી તાલુકાની હવા જંગલને લીધે ખરાબ ગણાય છે. આ જીલ્લામાં ડાંગર સારી થાય છે તથા શેરડીનો પાક ઘણો થાય છે તેથી શેરડીનો ગોળ બનાવી પરદેશ મોકલે છે.

પાલણપુર એજન્સી.

આ એજન્સીમાં નાનાં મોટાં ૧૩ રાજ્યો છે તેઓમાં પાલણપુર અને રાધનપુર મુખ્ય છે તે સિવાય ડીસા, વારાઇ, દેવદર, સાંતલપુર, કાંકેજ, મોરવાડા, તેરવાડા, વાવ, સુઇગામ, બાભર વગેરે છે.

નદીઓ-બનાસ, સરસ્વતી આ બે નદીઓ સમુદ્રને મળતી નથી પણ રણમાં જાય છે માટે તે કુંવારી કહેવાય છે તેમાં સરસ્વતી નદી પવિત્ર ગણાય છે તેથી ઘણા લોકો ત્યાં નહાવા જાય છે.

જાણવા લાયક ગામો.

પાલણપુર-એ એજન્સીનું મુખ્ય ગામ છે ત્યાં મુસલમાની રાજ્ય છે ગામ કિલ્લેબંધી છે ત્યાંના રાજાને દિવાન કહે છે ત્યાં અસબાબ બહુ થાય છે અને ગામમાં ૧૮,૦૦૦ માણસની વસ્તી છે એજન્સીના પોલીટીકલએજન્ટનું સદર સ્ટેશન છે.

રાધનપુર–ત્યા મુસલમાની રાજ્ય છે. અને રાજાને નવાબ કહે છે ગામમાં ૧૨,૦૦૦ માણસની વસ્તી છે. અહિ સુરોખાર ઘણું થાય છે.

મુંજપુર–એ વેપારનું મથક છે.

ડીસા–ત્યાં અંગ્રેજી લશ્કરની છાવણી છે અહી ૧૧,૦૦૦ માણસની વસ્તી છે ત્યાં દશા દેશાવર વાણીઆની સત માતાનું સ્થાનક છે.

વિશેષ હકીકત—આ એજન્સીનો ઉપરી પોલીટીકલએજન્ટ કહેવાય છે તે પાલણપુરમાં રહે છે આ એજન્સીના ઘણા ભાગમાં

રેતીનું મેદાન હોવાથી લોકો ઊંટ ઉપર મુસાફરી કરે છે એ ભાગના લોકો મારવાડ પાસે આવ્યાથી કંઇક મારવાડીને મળતા છે.

નિકાશ–સુરોખાર, સરસવ, તલ, કપાસ, ચંપા અને કેવડાનું અતર વગેરે વેપારની મુખ્ય ચીજો છે.

મહીકાંઠા એજન્સી.

આ એજન્સીમાં નાના મોટા ૬૩ રાજ્યો છે તેમાં સાદરા, ઈડર અને દાંતા એ મુખ્ય છે તે સિવાય—પેથાપુર, વઠાળી, આલુસણા, મોહનપુર, સાથંબા, સંણાદ્રા, મેઘરજ, સમણાજી, ઘસોલ, અમનગર, માણસા, મમુંવા પોસીના, કટોસણ, સાબરકાંઠા, વાત્રકકાંઠા, સતલાસણ વગેરે છે.

પર્વત–આબુ

નદી–સાબરમતી, હાથમતી, વાત્રક, મેશ્વો.

જાણવા લાયક ગામો.

સાદરા–અહી મહીકાંઠા એજન્સીના પોલીટીકલ એજન્ટ રહે છે.

ઈડર–એ એજન્સીનું મુખ્ય ગામ છે ત્યાં રાઠોડ રજપુત રાજાનું રાજ્ય છે.

અમનગર–એ ઇડરના રાજ્યમાં સહેર છે ત્યાં પત્થરની ખાણ છે આ ગામ અમદાવાદના સુલતાને અહમદશાહે ઇડરના રાજાને કબજામાં રાખવા ઇ. સ. ૧૪૨૭માં વસાવ્યું હતું.

દાંતા–અહીંના રાજા પરમાર રજપુત કહેવાય છે અને અંબા માતાના દહેરાની આવક રાજ્યમાં જમા થાય છે એ અંબાજી તથા આરાસુરના પર્વતને લીધે પ્રખ્યાત છે.

વિશેષ હકીકત—આ એજન્સીની ઘણીખરી વસ્તી કોળી, બીલ લોકોની છે એની નજીકમાં મહી નદી આવેલી છે તેથી તેનું નામ મહીકાંઠા પડેલું છે એમ કહેવાય છે.

રેવાકાંઠા એજન્સી.

આ એજન્સીમાં નાનાં મોટાં ૬૨ દેશી રાજ્યો છે તેમાં છોટા ઉદેપુર, દેવગઢબારીઆ, લુણાવાડા, નાંદોદ, સુંથ, બાડાસીનોર એ મુખ્ય છે તે સિવાય વલાસણા, તેજગઢ, સાંજેલી વગેરે

પર્વત—રાજપીપળા, વિંધ્યાચળ.

નદીઓ—મહી, નર્મદા, ઢાઢર, વિશ્વામિત્રી અને કરજેણ.

જાણવા લાયક ગામો

નાંદોદ—એ કરજેણ નદી ઉપર છે ત્યાં ૧૧,૦૦૦ માણસની વસ્તી છે અને તે રાજપીપળાની રાજધાનીનું ગામ છે ત્યાંના રાજા ગોહેલ રજપૂત કહેવાય છે તેણે પોતાના રાજ્ય માટે રેલ્વે બાંધી છે અહિં એક હાઈસ્કુલ છે.

લુણાવાડા—મહી નદી ઉપર આવેલું છે ત્યાંના રાજા સોલંકી રજપુત કહેવાય છે અને ગામમાં ૧૦,૦૦૦ માણસની વસ્તી છે.

વાડાસિનોર—અહિનો નવાબ બાબી કુટુંબનો છે ત્યાં ૯,૦૦૦ માણસની વસ્તી છે.

સુંથ—ત્યાં પરમાર જાતના રજપુત રાજાનું રાજ્ય છે છોટા-ઉદેપુર અને બારીઆ આ બે રાજ્યો ચોહાણ રજપુતોનાં છે બંને રાજા એકજ કુળના છે અને તે બંને ભાગની હવા જંગલને લીધે ખરાબ ગણાય છે.

વિશેષ હકીકત—આ એજન્સીનાં કેટલાંક રાજ્યો રેવા નદીના કાંઠા ઉપર આવેલાં છે તેથી તેનું નામ રેવાકાંઠા એજન્સી પડેલું છે. આ એજન્સીનું પોલીટીકલ એજન્ટ વગેરેનું કામ પંચમહાલ જીલ્લાના

કલેકટર સાહેબ કરે છે તેમનું સદર સ્ટેશન ગોધરા છે આ એજન્સી જંગલોથી ભરપૂર છે તેથી મધ અને ચારોળી મળી આવે છે.

પંચમહાલ એજન્સી.

મુખ્ય ગામ—નારૂકોટ અને જાંબુકોટા.

આ એજન્સીનું પોલિટિકલએજન્ટ તરીકેનું કામ પંચમહાલ જીલ્લાના કલેકટર સાહેબ કરે છે અને તેમનું સદર સ્ટેશન ગોધરા છે.

સુરત એજન્સી.

આ એજન્સીમાં મુખ્ય ૩ રાજ્યો છે વાંસદા ધરમપુર અને સચીન.

સંસ્થાન-ડાંગ

નદીઓ-ઓરંગા, અંબીકા, પાર.

જાણવા લાયક ગામો.

વાંસડા-ત્યાં સોલંકી રજપુત રાજાનું રાજ્ય છે ત્યાં ૨,૦૦૦ માણસની વસ્તી છે અહિંથી ૧૦ માઇલ ઉપર દેવકીઉનાઇ નામનો ઉના પાણીનો કુંડ છે ત્યાં દર ચૈત્રી પુનમે મેળો ભરાય છે.

ધરમપુર—આ રાજ્યની હવા જંગલોને લીધે ખરાબ ગણાય છે અહિંનો રાજા સિસોદીઆ જાતનો રજપુત છે અને ત્યાં ઇમારતી લાકડાંનો મોટો વેપાર ચાલે છે.

સચીન—અહિના રાજાને નવાબ કહે છે મુખ્ય શહેર સચીન અને ડુમસ છે. ડુમસ દરિયા કિનારા ઉપર આવેલું છે તેથી તે હવા ખાવાનું સ્થળ ગણાય છે.

ડાંગ—આ સસ્થાન તદન જંગલો વાળું છે તેથી ત્યાંની હવા ખરાબ ગણાય છે.

વિશેષ હકીકત—આ એજન્સીમાં ઘણાં જંગલો આવેલાં છે તેથી તેની હવા સારી નથી આ એજન્સીનું પોલિટિકલ એજન્ટ તરીકેનું કામ સુરત જીલ્લાના કલેકટર સાહેબ કરે છે તેમનું સદર સ્ટેશન સુરત છે આ એજન્સીમાં જુવાર, બટાટા, બાજરી, ઘઉં અને ઇમારતી લાકડાં એ મુખ્ય છે.

કાઠિઆવાડ એજન્સી.

એના ચાર પ્રાંત કરેલા છે.

(૧) ઝાલાવાડ (૨) ગોહિલવાડ (૩) સોરઠ (૪) હાલાર.

ઝાલાવાડ.

અહિ પહેલાં ઝાલા રજપુતોનું રાજ્ય હતું તે ઉપરથી ઝાલાવાડ નામ પડયું છે તેમાં ધ્રાંગદ્રા પહેલા વર્ગનું અને વઢવાણ ને

લીમડી બીજા વંશના રાજ્ય છે તે સિવાય બીજાં હળવદ, લખતર, સાયલા, ચુડા, સીતાપુર, બજાણા, પાટડી મુળી વગેરે છે.

પર્વત–ચોટીલા

નદીઓ–વઢવાણનો ભોગાવો, લીમડીનો ભોગાવો, સુકભાદર ફુલકુ અને મચ્છુ.

સરોવર–નળ.

જાણવા લાયક ગામો

વઢવાણ–એ ભોગાવા નદી ઉપર છે અને જંકશન છે ત્યાં ૨૭,૦૦૦ સત્તાવીશ હજાર માણસની વસ્તી છે લશ્કરી છાવણી છે તાલુકદારી ગરાશીઆના છોકરાઓને ભણવાની સ્કુલ છે તથા ત્યાંના વહોરા ધોવાના સાબુ સારા બનાવે છે ત્યાં રાણકદેવીનાં દહેરાં તથા માધાવાવ જોવા લાયક છે.

ધ્રાંગધ્રા–એ પહેલા વર્ગનું રાજ્ય છે ત્યાં ૧૫,૦૦૦ માણસની વસ્તી છે અને અહિ પત્થરની ખાણ છે.

હળવદ–આ ગામને પાદરે સતીઓના પાળીઆ છે.

સીતાપુર–ત્યાં ચંદ્રાસર તળાવ જોવા લાયક છે.

લીંબડી-સુડીઓ વખણાય છે.

ચુડા-અહિની હવા સારી છે

સાયલા-અહી લાલા ભગત થઇ ગયો છે.

થાન-માટીનાં વાસણો સારાં થાય છે.

મુળી-સ્વામિનારાયણનું મોટું મંદિર છે.

બજાણા-અહિનો રાજા મલેક મુસલમાન છે.

નિકાશ-કપાસ, ચણા, અને ઘઉં.

ગોહિલવાડ.

ત્યાં પહેલાં ગોહિલ રજપૂતોનું રાજ્ય હતું તે ઉપરથી તે ભાગનું નામ ગોહિલવાડ પડયું છે. તેમાં ભાવનગર, પહેલા વર્ગનું અને અને પાલીતાણા બીજા વર્ગનું રાજ્ય છે તે સિવાય વળા, લાઠી, જસદણ, મહુવા, ગઢડા, કુંડલા, નળાજા, બોટાદ, ગારીઆધર, ડાઠા, ગણધોળ, ચોક, સોનગઢ વગેરે.

નદીઓ-શેત્રુંજી, લાખધાર, મોરધાર, વાલાકગીર.

પર્વતો-શેત્રુંજો, મહુવા.

જાણવા લાયક ગામો.

ભાવનગર–પહેલા વર્ગનું રાજ્ય છે ત્યાં ૫૬૦૦૦ માણસની વસ્તી છે એ ઇ. સ. ૧૭૪૨માં ભાવસિંગે વસાવ્યુ હતુ તેના નામ ઉપરથી તેને ભાવનગર કહે છે ત્યાં મહાવિદ્યાલય તથા એક હાઇસ્કૂલ છે અહિંથી કાઠિઆવાડનું રૂ મુંબાઇ જાય છે.

પાલીતાણા–એ શેત્રુંજા પર્વતની તળેટીમા છે અને તે જૈન લોકોનું જાત્રાનું ઠેકાણું છે.

સિહોર–તાંબા પીતળનાં વાસણ સારાં થાય છે અને ત્યાં ગૌતમકુંડ નાઇ તીર્થની જગા છે.

મહુવા–અરબી સમુદ્રને કાંઠે બંદર છે ત્યાં લાકડાનું તથા હાથી દાંતનું કામ સારૂં થાય છે.

કુંડલા–અહિં લોઢાનાં વાસણો તથા ઘોડાનો સામાન સારો થાય છે.

ગઢડા–સ્વામિનારાયણનું મોટું મંદિર છે.

વળા–તેની થડમાં વલ્લભીપૂરનાં ખંડેર જોવામાં આવે છે.

નિકાશ–ઘઉં, કપાસ, શેરડી.

સોરઠ.

એનું અસલ નામ સૌરાષ્ટ હતું તે ઉપરથી સોરઠ પડયું છે. તેમાં જુનાગઢ પોરબંદર ને જાફરાબાદ એ ત્રણ પહેલા વર્ગના રાજ્યો છે તે સિવાય વેરાવળ પ્રભાસપાટણ ઉના માધવપુર નવીબંદર જેતપુર બીલખા કુતીયાણા કુકાવાડ બાટવા માણાવદર અમરાપુર વગેરે છે

પર્વત-ગીરનાર ગીર બર્ડો

નદીઓ-ભાદર સીંગવડો

જાણવા લાયક ગામો.

જુનાગઢ-અહી બાબી કુંટુંબના નવાબનું રાજ્ય ત્યાં ૩૪૦૦૦ માણસની વસ્તી છે ત્યાં નવાબ સાહેબનો મહેલ વગેરે જોવા લાયક મકાનો છે.

પોરબંદર-અહીં જેઠવા રજપુત રાજાનું રાજ્ય છે તેમાં ૨૫૦૦૦ માણસની વસ્તી છે અહીં પત્થરની ખાણ છે તેમાંથી પત્થર કાઢી મુંબઇ અમદાવાદ સુરત વગેરે ગામોમાં મોકલવામાં આવે છે અહી સુદામાજી ભકત રહેતા હતા તેથી એને સુદામાપુરી કહે છે

જાફરાબાદ–એ જંજીરાના નવાબને તાબે છે અને તે હબશી મુસલમાન કહેવાય છે ત્યાંનું ઘી વખાણાય છે અને તે અરબી સમુદ્રને કાંઠે બંદર છે.

પ્રભાસપાટણ–ત્યાં સોમનાથ મહાદેવનું મોટું દહેરૂં છે ત્યાં આગળ પહેલાં હિંદુ મુસલમાન રાજાને મોટી લડાઇ થઇ હતી અને કૃષ્ણ ભગવાન ત્યાંથી વૈકુંઠમાં ગયા હતા.

ઉના–તેની પાસે ગુપ્ત પ્રયાગ નામે તીર્થની જગા છે

જેતપુર–એ ભાદર નદી ઉપર છે અને ત્યાં પ્રજાના ન્યાયને માટે તાલુકા કોર્ટ સ્થાપી છે.

નિકાશ–ઘઉ ડાંગર શેરડી કપાસ

હાલાર પ્રાંત.

એ હાલાજી નામના જાડેજા નામ ઉપરથી આ પ્રાંતનું નામ હાલાર પડયું છે તેમાં નવાનગર મોરબી અને ગોંડલ એ ત્રણ મહેલા વર્ગના રાજ્યો છે તે સિવાય–રાજકોટ ધ્રોળ વાંકાનેર વીરપુર માળીયા

ખંભાળીયા જાળીઆ લોધીકા ધ્રાફા વગેરે છે

નદીઓ–મચ્છુ આજી

જાણવા લાયક ગામો.

રાજકોટ—એ આજી નદી ઉપર છે ત્યાંનાં હવાપાણી સારાં છે તેથી કાઠિઆવાડ એજન્સીના એજન્ટટુધિ ગવર્નર ત્યાં રહે છે તેમાં ૩૫૦૦૦ માણુસની વસ્તી છે લશ્કરી છાવણી રાજકુમારોને ભણવા માટે એક શાળા તથા હાઇસ્કુલ બે ટ્રેનિંગ કાલેજો વગેરે છે

નવાનગર—(જામનગર)—ત્યાંના રાજા જાડેજા રજપુતોના શિરોમણી ગણાય છે તે જામને નામે પ્રખ્યાત છે તે ઉપરથી તેને જામનગર પણ કહે છે ત્યાં સોનેરી ભરત કામ કંકું વૈદક ચુડીઓ વગેરે માટે પ્રખ્યાત છે ત્યાં ૫૪૦૮૦ માણુસની વસ્તી છે.

મોરબી—મચ્છુ નદી ઉપર છે ત્યાંના રાજા જાડેજા રજપુત છે ત્યાં મચ્છું નદી ઉપર બાંધેલો ઝુલતો પૂલ જોવા લાયક છે ગામની વસ્તી ૧૮૦૦૦ માણુસની છે.

ગોંડલ—તેમાં ૨૦૦૦૦ હજાર માણુસની વસ્તી છે તથા ત્યાં ગરાશીઆઓના છોકરાઓ માટે એક સ્કુલ તના હાઇસ્કૂલ છે.

ખંભાળીઆ—અહીંના ભાટીઆ ઘણા ધનવાન છે અને તે મુંબાઇમાં વેપાર કરે છે અહીં તાંબાની ખાણ છે

આમરણ—દાવલશાહની પ્રખ્યાત જગા છે.

વીરપુર-અહી જશે ભગત થઇ ગયો છે.

વાંકાંનેર-ત્યાંના ચોફાળ સારા થાય છે ત્યાંથી ત્રણ ગાઉ ઉપર જડેશ્વર મહાદેવની તીર્થની જગા છે.

નિકાશ-કપાસ કઠોળ બાજરી ઘઉં અને જુવાર એ મુખ્યછે

વિશેષ હકીકત-કાઠિઆવાડ એજન્સીનો આકાર દીપકલ્પ જેવો છે આ એજન્સીના ઉપરીને એજન્ટટુધિ ગવર્નર કહે છે તેમના હાથ નીચે ચાર પોલિટિકલ એજન્ટ છે સદર સ્ટેશન રાજકોટ વઢવાણ સોનગઢ જેતલસર છે

ખંભાત સંસ્થાન.

એ નાનું મુસલમાની રાજ્ય મહી નદીની ઉત્તરે અને ખેડા જીલ્લાની પશ્ચિમે આવેલું છે.

ખંભાત-એમાં ૩૨૦૦૦ માણસની વસ્તી છે એ મહી નદી ઉપર બંદર છે ત્યાંનો રાજા મુગલ જાતનો મુસલમાન છે .આ સંસ્થાનની દેખરેખ ખેડા જીલ્લાના કલેકટર સાહેબ રાખે છે તેને પહેલાં સ્થંભાવતી કહેતા હતા

નિકાશ-જુવાર બાજરી તુવેર ઘઉં કપાસ ગળી તમાકુ વગેરે છે

વિશેષ હકીકત અહીંથી સુતરાઉ કાપડ તથા શેતરંજીઓ પરદેશ જાય છે અહીં અકીકના પત્થર સાફ કરે છે અને તેનાં બોરીઆં એરીંગ વગેરે બનાવે છે ખંભાતની સુતરફેણી વખણાય છે આ સંસ્થાનની જમીનમાં એટલો બધો ખાર છે કે દર પાંચ વર્ષે નવા કુવા ખોદાવવા પડે છે અહીંથી દરીઓ પાંચ માઇલ દુર છે તેથી હાલમાં વેપાર ભાગી ગયો છે.

ગાયકવાડનું રાજ્ય.

આ રાજ્ય ઇ. સ. ૧૮૭૫ સુધી મુંબઇ સરકારના તાબા હેઠળ હતું ત્યારપછી વોઇસરાયની સત્તા નીચે છે આ રાજ્યના મુખ્ય ચાર પ્રાંત. કરેલા છે તેમનાં નામ (૧) વડોદરા (૨) કડી (૩) નવસારી (૪) અમરેલી છે તેની કુલ વસ્તી ૧૯૫૩૦૦૦ માણસની છે.

નદી–વિશ્વામીત્રી

વડોદરા પ્રાંત.

એના દશ મહાલ કરેલા છે તેમનાં નામ વડોદરા ડભોઇ શિનોર પેટલાદ ચાણોદ સોજીત્રા કર્નાળી વગેરે છે.

વડોદરા–એ વિશ્વામીત્રી નદી ઉપર ગાયકવાડની રાજધાનીનું શહેર છે રાજાચંદને આ શહેર વસાવ્યું તેના નામ ઉપરથી તેને

પહેલાં ચંદનાવતી કહેતા હતા ત્યાં કૉલેજ ન્યાયમંદીર રાજાના મહેલ કમેટીબાગ વગેરે જોવા લાયક છે આ શહેર રેલ્વેનું જંકશન છે અને અહીંથી રેલ્વેનો એક ફાંટો ગોધરા તરફ જાય છે અહીં અંગ્રેજ સરકાર તરફથી રેસીડેન્ટ તથા લશ્કરી છાવણી રહે છે. શહેરની વસ્તી ૧૦૪૦૦૦ માણસની છે.

ડભોઈ—એ રેલ્વે જંકશન છે ડભોઈ નામના ઇજનેરના નામ ઉપરથી તેનું નામ ડભોઈ પડ્યું છે અહીંનો કિલ્લો જોવા લાયક છે અહીંથી રેલ્વેનો એક ફાંટો ડભોઇ તરફ જાય છે અહીં ૧૪૦૦૦ માણસની વસ્તી છે.

ચાંણોદ—એ નર્મદા નદી ઉપર છે અને રેલ્વે સ્ટેશન છે.

કર્નાળી—એ નર્મદા નદી ઉપર છે એનું બીજું નામ રેવાજી છે હિંદુમાં પુરૂષનાં હાડકાં (ફુલાં) ઘણું કરીને અહીં નાખે છે આં કુબેર ભંડારીનું મોટું દેવળ છે તે જોવા લાયક છે

નિકાશ—રૂ તમાકૂ બાજરી ડાંગર વગેરે મુખ્ય છે

કડી પ્રાંત.

એના દશ મહાલ કરેલા છે તેમનાં નામ કડી પાટણ સિદ્ધપુર વિસનગર વડનગર ઉંઝા મેસાણા વિજાપુર ઉનાવા બહુચરાજી આંતર સુંબા વગેરે છે.

નદીઓ–બનાસને સરસ્વતી

કડી–અહીના ખળદ વખણાય છે તથા તેમાં ૧૩૦૦૦ માણસની વસ્તી છે.

પાટણ–એ સરસ્વતી નદી ઉપર છે આ શહેર વનરાજે ઇ. સ. ૭૪૫ માં વસાવ્યું હતું ત્યાં વનરાજની મુર્તિ અને રાણીવાવ જોવા લાયક છે તથા સિદ્ધરાજનું બંધાવેલું સહસ્ત્રલીંગ તળાવ છે પણ હાલ પુરાઇ ગયું છે ત્યાંનાં પટોળાં સુડીઓ માટીનાં વાસણ વગેરે સારાં થાય છે ત્યાં ૩૧૦૦૦ માણુસની વસ્તી છે.

સિદ્ધપુર–એ સરસ્વતી નદી ઉપર જાત્રાનું ઠેકાણું છે ત્યાં માનું શ્રાધ થાય છે ત્યાં રૂદ્રમાળ ન્નાનવાવ બિંદુ સરોવર વગેરે જોવા લાયક છે ત્યાં ૧૫૦૦૦ માણુસની વસ્તી છે

વિસનગર–અહીના તાંબા પીતળના વાસણના ઘાટ હુનર ડાંગેર સારાં થાય છે અહીં ૧૭૦૦૦માણુસની વસ્તી છે.

વડનગર–એ વડનગરા નાગરનું મુળ સ્થાન છે પણ તાજુબની વાત એ છે કે ત્યાં નાગરનાં એક કે બેજ ઘર છે ત્યાંની સારંગી

અને સતાર વખણાય છે ત્યાં ૧૪૦૦૦ માણુસની વસ્તી છે

ઊંઝા–ત્યાં કેડવા કણબીની કુળદેવીની જગા છે

મેસાણા—એ રેલ્વે જંકશન છે ત્યાં ૯૦૦૦ માણુસની વસ્તી છે.

વિજાપુર—અહીનુ અફીણ વખણાય છે

આતરસુંબા—છરા તથા છરીઓ સારી થાય છે.

ઉનાવા—મીયાંદાતારની જગા છે

બહુચરાજી—બહુચરા માતાનું સ્થાનક છે અને ત્યાં વરસમાં બે વાર જાત્રા ભરાય છે ત્યાંની આવક માત.ના મંદીરના ખર્ચમાં વપરાય છે.

નિકાશ—બાજરીને તેલીબીઆં અફીણ

નવસારી પ્રાંત.

એમાં ૮ આઠ મહાલ છે તેનાં નામ નવસારી ગણુદેવી વેસારી વસાળી બળેશ્વર સોનગઢ વ્યારા

નવસારી—એ જુનું શહેર નવસારી પ્રાંતમાં આવેલું છે અહીંના ગોળ વખણાય છે ત્યાં ર૧૦૦૦ માણુસની વસ્તી છે તેમાં પારસી લોકોની વસ્તી વધારે છે ત્યાંની હવા સારી છે

ગણુદેવી—ત્યાંનો ગોળ વખણાય છે

નિકાશ—શેરડી તથા મેવો ઘણો થાય છે

એમરેલી પ્રાંત.

એમા પાંચ મહાલ છે તેનાં નામ અમરેલી ધારી દામનગર કોડીનાર ઓખામંડળ તે સિવાય બીજાં ગામ દ્વારકાં કુન્છીગઢ બીણુકી મઢી

દ્વારકાં—ત્યાં પહેલાં શ્રીકૃષ્ણ ભગવાન રાજ્ય કરતા હતા ત્યાં રણછોડજીની મુર્તિ છે ત્યાંનું દહેરૂં જોવા લાયક છે

નિકાશ—ર અનાજ

વિશેષ હકીકત—ગાયકવાડનું રાજ્ય જુદા જુદા ભાગમાં વહેંચાયલું છે હિંદુસ્તાનમાં ત્રણ મુખ્ય દેશી રાજ્ય છે તેમાંનું એક છે અહી અંગ્રેજ સરકાર તરફથી રેસીડેન્ટ રહે છે તેમની નીમણુંક વાઇસરાય કરે છે આ રાજ્યમાં કડી પ્રાંતની હવા સારી ગણાય છે રાજ્યમાં અમલદારોનાં નામ જુદાં જુદાં છે તાલુકાના ઉપરીના વહીવટદાર કહે છે પ્રાંતના ઉપરીને સુબો કહે છે અને ચાર પ્રાંતના ઉપરીને સરસુબો કહે છે તેના ઉપરી નાયબદિવાન છે અને તેના ઉપરીને દીવાન કહે છે અને દિવાન માથે રાજા છે

પરદેશી રાજ્ય-દીવ એ ફીરંગી લોકોના તાબાનો ૨૫ સ્કો. માઇલનો બેટ કાઠીઆવાડના દક્ષિણ કિનારા ઉપર આવેલો છે દીવના ખાવસારો છાપવાનું કામ સારૂં જાણે છે પહેલાં આં ૫૦૦૦૦ માણસની વસ્તી હતી

સામાન્ય વર્ણન.

સરોવર-નળ

બંદર-દ્વારકાં પોરબંદર વેરાવળ જાફરાબાદ ભાવનગર ઘોઘા ખંભાત ભરૂચ ગોપનાથ મહુવા નવીબંદર માંગરોળ સુરત જોડીઆ સલાયા

બેટ-દ્વારકાં કાસવા ધંતુરીઆં દીવ પીરમ

ભુશિર-જગતપોઇંટ દ્વીપકલ્પ કાઠીઆવાડ

અખાત-કચ્છ અને ખંભાત

ઉના પાણીના કુંડ-લસુદ્રા ટુંવાકાકિણ દેવકીઉનાઇ તુળશી-શ્યામ

જાત્રાનાં ઠેકાણાં-અંબાજી બહુચરાજી શુકલતીર્થ ડાકોર વડતાલ સિદ્ધપુર ગીરનાર શેત્રુંજો કનોળી ઉઝા પ્રભાસપાટણ દ્વારકાં ઉદવાડા મૂળી ગઢડા ગોપનાથ બહુધાન ભાડભૂત પાવાગઢ વગેરે

વખણાતી વસ્તુઓ વાળાં ગામો

(૧) ખંભાતની સુત્રફેણી (૨) સુરતની ખરખી (૩) વડોદરાનો કેવડો (૪) જાફરાબાદનું ઘી (૫) નડીઆદ–દુધને નાડાં (૬) અમદાવાદ–મશરૂ કીનખાબ ધોતી જોટા (૭) વીસનગર–તાંબા પિતળનાં વાસણ (૮) સોજીત્રાનો ગુંદરપાક (૯) ધોલકા–દાડમ તથા સુંઠ (૧૦) સાણંદ–ઘઉં (૧૧) વલસાડ–કેળાને ઇમારતી લાકડાં (૧૨) નવસારી ગણદેવી–ગોળ (૧૩) કપડવણજ–કાચ અને સાબુ (૧૪) પ્રાંતીજ–સાબુ (૧૫) પાટણ–સુડીઓ પટોળાં માટીનાં વાસણ (૧૬) લીમડી–સુડીઓ (૧૭) કડી પ્રગણાના–બાગદ (૧૮) વીજાપુર–અફીણ (૧૯) કાઠિઆવાડની–ઘોડીઓ (૨૦) કાનમ–ઘી તથા કપાસ (૨૧) બાલમાં–ધઉ (૨૨) દશક્રોશી–ડાંગર (૨૩) વાગડ–મગ બાજરી (૨૪) માંગરોળ–સોપારી (૨૫) ચરોતર–તમાકુ (૨૬) ગંદેર–બોર (૨૭) મહુધા–શુસી (૨૮) આમોદ–ચપ્પુ (૨૯) અમેરલી–ચોફાળ (૩૦) સુફેજ–રોજો

બેવડાં નામો વાળાં ગામો

(૧) અમદાવાદ–રાજનગર (૨) નડીઆદ–નટપુર (૩) કપડવણજ કપટપુર (૪) ખંભાત સ્થંભાવતી (૫) ભરૂચ–ભગુપુર (૬) નવાનગર–

જામનગર (૭) પોરબંદર–સુદામાપુરી (૮) ડાકોર–ડંકપુર (૯) દાહોદ દોહદ (૧૦) વડોદરા–ચંદ્રાવતી (૧૧) સિદ્ધપુર–શ્રીસ્થળ (૧૨) સોરઠ સોરાષ્ટ (૧૩) પાવાગઢ–પવનગઢ (૧૪) શેત્રુંજો–સિદ્ધાચળ [૧૫] નર્મદા–રેવા

અરબી સમુદ્રને મળનારી નદીઓ

[૧] ભાદર [૨] તાપી [૩] શીંગવડો [૪] ગોમતી [૫] અંબીકા [૬] પાર (૭) કોલકા [૮] દમણગંગા

ખંભાતના અખાતને મળનારી નદીઓ

[૧] સાબરમતી [૨] મહી [૩] ઢાઢર [૪] નર્મદા [૫] શેત્રુંજી [૬] સુકભાદર [૭] કીમે

કચ્છના રણને મળનારી નદીઓ

[૧] બનારસ [૨] સરસ્વતી [૩] મચ્છુ [૪] ફુલકૂ [૫] આજી

નદીઓ ઉપરનાં શહેરો

નર્મદા–વિંધ્યાચળ પર્વતના અમરકંટક શિખરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તેના ઉપરનાં ગામ ભરૂચ શુક્લતીર્થ નાંદોદ ચાણોદ કર્નાળી ભાડભુત શિનોર

૨ તાપી–સાતપુડા પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે તેના ઉપર સુરત માંડવી બુરાનપર રાંદેર

૩ મહી–માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તેના ઉપર ખંભાત લુણાવાડા

૪ સાબરમતી–મેવાડના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તેના ઉપર અમદાવાદ સાદર પેથાપૂર

૫ સરસ્વતી–શિરોઇના ડુંગરમાંથી કચ્છના રણમાં જાય છે તેના ઉપર સિદ્ધપુર પાટણ દાંતા

૬ બનાસ–શિરોઇના ડુંગરમાંથી નીકળી કચ્છના રણમાં જાય છે તેના ઉપર રાધનપુર ડીસા

૭ ઢાઢર–રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તેના ઉપર ટંકારીઆ

૮ વાત્રક–ડુંગરપુર પાસેથી નીકળી સાબરમતીને મળે છે તેના ઉપર ખેડા મહેમદાવાદ આતરસુંબા.

૯ વિશ્વામીત્રી–પાવાગઢના ડુંગરમાંથી નીકળી ઢાઢરને મળે છે તેના ઉપર વડોદરા

૧૦ ભોગાવો—ચોટીલાના ડુંગરમાંથી નીકળી નળ સરોવરને મળે છે તેના ઉપર વઢવાણ મુળી લીંમડી

૧૧ ફુલકુ—ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના રણમાં જાય છે તેના ઉપર ધ્રાંગદ્રા

૧૨ ભાદર—ચોટીલાના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે તેના ઉપર જસદણ જેતપુર નવીબંદર કુતીયાણા

૧૩ શેત્રુંજી—ગીરનારના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે તેના ઉપર પાલીતાણા

૧૪ મચ્છુ—આણંદપુરની ધારામાંથી નીકળી કચ્છના રણમાં જાય છે તેના ઉપર મોરબી વાકાંનેર માળીયા

૧૫ સુકભાદર—ચોટીલાના ડુંગરમાંથી નીકળી નળ સરોવરને મળે છે તેના ઉપર રાણપુર ધંધુકા

૧૬ સીંગવડો—ગીરનારની ગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે તેના ઉપર કોડીનાર

૧૭ આજી—સરધારના ડુંગરમાંથી નીકળી કચ્છના રણમાં જાય છે તેના ઉપર રાજકોટ સરધાર

૧૮ રંગમતી અને નાગમતી—બરડાના ડુંગરમાંથી નીકળી કચ્છના રણમાં જાય છે તેના સંગમ ઉપર નવાનગર

સમાપ્ત.

જાહેર ખબર.

અમારે ત્યાં કોર્ટ કચેરીમાં ગુજરાતી તેમજ અંગ્રેજી સ્કુલોમાં જરૂર પડતો તમામ સામાન જેમકે ચોપડીઓ સ્ટેશનરી ફેન્સી સામાન અને સુગંધીદાર તેલ અત્તરો કીફાયત ભાવે મળશે.

અમો કાર્ડ કવર કંકોતરીઓ બીલબુકો તથા બીજો પરચુરણ સામાન કીફાયત ભાવે છાપી આપીએ છીએ અને નામના રબ્બરના સીક્કા કીફાયત ભાવે બનાવી આપીએ છીએ. હર હંમેશના ગ્રાહક તરીકે અથવા તો રૂ. ૧૦૦ નો માલ એકી વખતે લેનારને ખાસ વેપારી ભાવથી કમીશન મળશે. બહાર ગામના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવે છે.

લી.

ધી. સરસ્વતી બુક ડીપો નડીઆદ.

વર્નાકયુલર ફાયનલ નો સાથી

પ્રવેશક, વર્નાકયુલર, મીડલ તથા ઉંચા ધોરણોની પરીક્ષામાં જુદી જુદી જાતના અને બુદ્ધીની કસોટીના સવાલો આવે છે તેનું સ્પષ્ટકરણ હાલના ઇતીહાસમાંથી બરોબર મલી આવતું નથી, તેમજ તેમાંથી સાર ગ્રહણ કરવો ઘણો કઠણ થઇ પડે છે. ઉપરની દરેક હરકતો દુર કરવાને અનુભવી શીક્ષકને હાથે લખાયલો “ હિંદનો ઇતિહાસ ” ઘણા સુધારા વધારા સાથે બહાર પડયો છે જે પુષ્કળ માગણીઓ સાથે ખપી જવા આવ્યો છે હાલ જેની ઘણીજ થોડી નકલો રહેલી છે.

મોટા ગણીતની કુંચી ઉપરની પરીક્ષાઓ માટે જરૂર પડતાં બીજાં પુસ્તકો અમારે ત્યાંથી કીફાયત ભાવે મલશે.

અમારા તરફથી થોડા વખતમાં નડીઆદ તાલુકાની મુંબાઇ ઈલાકાની હીંદુસ્તાનની અને દુનીઆની

ભુગોળ થોડા વખતમાં બહાર પડશે અગાઉથી ઓરડરો નોંધાવનારને સારો લાભ આપવામાં આવશે.

અમારે ત્યાંથી જથાબંધ માલ ખરીદનારને વહેપારી ધારાથી કમીશન મજરે આપવામાં આવશે એક વખત અમારી સાથે પ્રસંગ પાડવા ભલામણ છે,

અમારે ત્યાંથી વી. પી. થી ચોપડીઓ મંગાવનારને કમીશન કાપીને કાળજી પુર્વક માલ રવાના કરવામાં આવશે.